# શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



સંચાલિત

# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી

## વાર્ષિક અહેવાલ :- ૨૦૨૪/૨૫







Shree Krishna Arts College, Lakhani









# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

## વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૪/૨૫

**-: સંપાદક :-**

શ્રી પ્રકાશકુમાર જી. સુથાર
ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર,
ભારત દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક

**-: પ્રકાશક :-**

શ્રી બળવંતભાઈ વી. ચૌધરી
પ્રમુખશ્રી

શ્રી વિનોદભાઈ કે. પટેલ
મંત્રીશ્રી

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી

**-: ડિઝાઇન એડિટિંગ :-**

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી
કલાર્ક શ્રી
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી


## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી



લાખણી – જસરા રોડ, નવા બસ સ્ટેશનની નજીક
મુ. પો. તા. – લાખણી, જિ. બનાસકાંઠા – ૩૮૫૫૮૧

84019 52533
@krishnaartscollege
Krishna_education_campus
Krishna Education Campus
www.krishnacollegelakhani.org

Mo. 94277 96321, 84019 52533, 99989 98242, 99792 13073

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | વિગતનું નામ |
|---|---|
| ૧ | સંપાદકીય - શૂન્યમાંથી સર્જન |
| ૨ | પ્રાક્કથન |
| ૩ | ટીમ ક્રિષ્ના |
| ૪ | રાષ્ટ્રીય સેવા યોજના અહેવાલ |
| ૫ | શિષ્યવૃત્તિ અહેવાલ |
| ૬ | તેજસ્વી તારલાઓ |
| ૭ | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ |




## -: સંપાદકીય :-

### -: શૂન્યમાંથી સર્જન :-

### ॥ ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ॥

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશના નામે ઓળખાતું હતું. તેમાં વર્તમાનમાં બનાસકાંઠાના નામે ઓળખાતા જિલ્લાના પ્રદેશનો સમાવેશ થતો હતો. આ બનાસકાંઠા જિલ્લામાં લાખણી તાલુકો આવેલો છે. આ લાખણી પંથકનો ઈતિહાસના કાળપટ્ટમાં હિંદવાણી પ્રદેશમાં સમાવેશ કરવામાં આવે છે.

લાખણી  પંથકના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે અત્યાધુનિક શૈક્ષણિક સંકુલની અનિવાર્યતા જણાતાં તે હેતુને સિદ્ધ કરવા માટે નગરદેવી હિંગળાજ માતાજીના આશીર્વાદથી શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની રચના જાન્યુઆરી ૨૦૨૦માં કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા લાખણી ખાતે શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસનો પાયો નાખવામાં આવ્યો. આ કેમ્પસમાં કૉલેજ શરૂ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મંજૂરી માંગવામાં આવી. પરંતુ જૂના અને બિનવ્યવહારુ નિયમોના કારણે મંજૂરી મેળવવામાં ખૂબ અગવડતાઓ પડેલી. આ અડચણો વચ્ચે સુગમ રસ્તો બનાવવામાં બનાસકાંઠા જિલ્લાના પ્રજાવત્સલ અને લોકપ્રિય સાંસદ શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, લાખણી વિસ્તારના શિક્ષણપ્રેમી અને બાહોશ આગેવાન અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને બ.કાં. જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ અને સદ્દભાવના ગ્રૂપના ચેરમેન અને તત્કાલિન હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના EC મેમ્બર શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ મહાનુભાવોએ અથાગ પરિશ્રમ કરતાં લાંબા સંઘર્ષ બાદ યુનિવર્સિટી દ્વારા

શરતી મંજૂરી આપવામાં આવતાં શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજના નામાભિધાન સાથે શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણકાલિન કૉલેજ પ્રસ્થાપિત કરવામાં આવી.

આ ક્ષણે કોલેજની સ્થાપના થાય તે માટે અથાગ પરિશ્રમ કરનારા મહાનુભાવો શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ, શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબ, તત્કાલિન રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા મેડમ અને માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી અશ્વિનીકુમાર સાહેબને યાદ કરીને તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. આ મહાનુભાવોના સંનિષ્ઠ પ્રયાસો થકી ઉત્તર ગુજરાતના તમામ શિક્ષણપ્રેમીઓ માટે કોલેજની મંજૂરીનો રાહ સરળ બન્યો. આપણે જોઈ રહ્યા છીએ કે, છેલ્લા કેટલાક વર્ષોમાં નાના નાના ગામડાંઓમાં પણ કોલેજોને મંજૂરી મળી રહી છે. તેનો સંપૂર્ણ યશ ઉપરોક્ત મહાનુભાવોને ફાળે જાય છે.

ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીની કઠિન શરતોને ખૂબ ટૂંકા સમયગાળામાં પરિપૂર્ણ કરીને મજબૂત ઈચ્છાશક્તિ અને સામૂહિક પ્રયાસોના પરિણામે સુંદર સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. જેના પરિણામે લાખણી તાલુકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો.

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં વિનયન વિદ્યાશાખામાં મુખ્ય વિષય  તરીકે ગુજરાતી, અંગ્રેજી, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત જેવા વિષયોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

આ સિવાય, ટ્રસ્ટ દ્વારા નાના બાળકોને પાયાના કૌશલ્ય સાથે જીવન ઘડતરના મૂલ્યોના સિંચનની સાથે સાથે ઘર આંગણે ગુણવત્તાલક્ષી શિક્ષણ, શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવા માટે પરવાનગી માંગવામાં આવતાં શિક્ષણ

વિભાગ દ્વારા શાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવતાં જૂન – ૨૦૨૨ થી કેમ્પસમાં ધોરણ ૧ થી ૧૨ શરૂ કરવામાં આવેલ.

કેમ્પસમાં હેલ્પલાઈન સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ સિવાય, વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. આ સિસ્ટમ દરેક વાલીને બાળક શાળા-કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય અને તારીખ સાથેનો મેસેજ મોકલે છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી રહ્યા છે. કૉલેજની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓને વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ બિરદાવીને વિદ્યાર્થીઓને અને સંસ્થાને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.

**-:: ભવદીય ::-**

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન પરિવાર વતી**

**પ્રોફે. પ્રકાશકુમાર સુથાર**

**કેન્દ્ર સરકાર પુરસ્કૃત યુવા લેખક**

# –: પ્રાક્કથન :–

શિક્ષણ એ વ્યક્તિત્વ ઘડતર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે પાયાનું અનિવાર્ય અંગ બની ગયું છે. ઉચ્ચશિક્ષણ સમાજને કુશળ, નિષ્ઠાવાન, મહેનતુ અને મૂલ્યવાન યુવાધન આપે છે. મૂલ્યવાન યુવાધન તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧ માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ સંસ્થાના ચોથા વર્ષના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪/૨૫ ના "વાર્ષિક અહેવાલ"ને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનું સદ્દભાગ્ય અમને મળ્યું તે બદલ અમો ગૌરવાન્વિત છીએ.

શિક્ષકની નિષ્ઠા એજ શાળા-કોલેજની પ્રતિષ્ઠા છે. તેને પોતાનો જીવનમંત્ર બનાવીને અથાક પરિશ્રમના ફળસ્વરૂપે સંસ્થાએ ૧૬૧૧ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભરોસાને પ્રતિપાદિત કર્યો છે. શાળા-કોલેજની શિક્ષણ યાત્રામાં સૌથી મહત્વની બાબત એ છે કે, સૌ સંસ્થાને ઘર માનીને એક પરિવારના તાંતણે બંધાઈને સૌ કાર્ય કરી રહ્યા છે. પરિવારના સર્વે સદસ્યોનો હૃદયના ઉમળકાથી આભાર માનીએ છીએ.

કેમ્પસ સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત અને સંશોધન ક્ષેત્રે કૉલેજનું નામ સતત ધબકતું રહ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે-સાથે આર્થિક રીતે મદદ કરી શકાય તે માટે સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓનો લાભ અપાવવામાં સંસ્થા જિલ્લામાં અગ્રેસર રહી છે.

કેળવણીનું કલ્પવૃક્ષ બનવા જઈ રહેલ સંસ્થાએ એક વર્ષમાં કરેલાં કાર્યોના લેખાં-જોખાંની યશગાથા વર્ણવતો અહેવાલ તૈયાર કરવાનો વિચાર કૉલેજ પરિવારને આવ્યો. આ વિચારને હકીકતમાં ફેરવવાની જવાબદારી શ્રી પ્રકાશકુમાર સુથાર અને શ્રી સુરેશભાઈ ચૌધરીને સોંપવામાં આવી હતી. તેમણે જવાબદારીને સહર્ષ સ્વીકારીને સૌ સ્નેહીજનોના સાથ-સહકારથી તૈયાર કરેલ વાર્ષિક અહેવાલને આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

# -: ટીમ ક્રિષ્ના :-

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | લાયકાત |
|---|---|---|---|
| ૧ | ડૉ. પ્રવીણભાઈ વજીર | આચાર્યશ્રી | M.A.,B.ed.,Ph.D. |
| ૨ | શ્રી પ્રકાશકુમાર સુથાર | પ્રાધ્યાપકશ્રી | M.A.,M.Phil.,Ph.D. |
| ૩ | શ્રી થાનાભાઈ પટેલ | પ્રાધ્યાપકશ્રી | M.A.,M.ed. |
| ૪ | શ્રીમતી ભારતીબેન ચૌધરી | પ્રાધ્યાપિકા | M.A.,B.ed. |
| ૫ | શ્રી લખનભાઈ દેસાઇ | પ્રાધ્યાપકશ્રી | M.A.,B.ed. |
| ૬ | શ્રી લેખરાજભાઈ પ્રજાપતિ | પ્રાધ્યાપકશ્રી | M.A.,B.ed. |
| ૭ | શ્રીમતી રેખાબેન ચૌધરી | પ્રાધ્યાપિકા | M.A.,B.ed. |
| ૮ | શ્રીમતી કેલમબેન પ્રજાપતિ | પ્રાધ્યાપિકા | M.A.,B.ed. |
| ૯ | શ્રી સુરેશભાઈ ચૌધરી | હેડ ક્લાર્કશ્રી | B.Sc., B.ed. |
| ૧૦ | શ્રી વિષ્ણુભાઈ ચૌધરી | કલાર્કશ્રી | B.A., M.A. |
| ૧૧ | શ્રી મહેશભાઈ ચૌધરી | કલાર્કશ્રી | B.A., M.A. |

**विद्या ददाति विनयं, विनयाद् याति पात्रताम् ।**

**पात्रत्वात् धनमाप्नोति, धनात् धर्मं ततः सुखम् ॥**

# શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજ-લાખણી

## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અહેવાલ

પ્રોફે. પ્રકાશભાઈ સુથાર

પ્રોગ્રામ ઓફિસર – એન.એસ.એસ. એકમ

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને લક્ષ્યનિર્ધારણને કેન્દ્રમાં રાખીને એન.એસ.એસ. પ્રકલ્પ કાર્ય કરી રહ્યું છે. જે અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તે બધી પ્રવૃત્તિઓમાં અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ સ્વચ્છતા અભિયાન, વાર્ષિક ખાસ શિબિર અને નડાબેટ બોર્ડર પર કરવામાં આવેલી વિશ્વ મહિલા દિવસની ઉજવણી ખૂબ મહત્વની બની રહી હતી.

### શ્રમ કાર્ય : ભાદરવી પૂનમ મેળો – અંબાજી

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. એકમ દ્વારા ભાદરવી પૂનમના મહામેળામાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાનમાં લાખણી સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ઢેલાણા થી જલોત્રા સુધીના ચાર કિ.મી. માર્ગ પર ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં કોલેજના આચાર્ય શ્રી પ્રવીણભાઈ વજીર, પ્રોફે. થાનાભાઈ પટેલ, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. ભારતીબેન ચૌધરી, શ્રી સુરેશભાઇ ચૌધરી સહિત એન.એસ.એસ.ના ૫૦ સ્વયંસેવકો જોડાયા હતા.


ટેલાણા
બસ સ્ટેન્ડ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
स्वच्छता
ही सेवा 2024
17 सितंबर - 2 अक्टूबर 2024
स्वभाव स्वच्छता, संस्कार स्वच्छता
MYBharat - स्वच्छता अभियान
युवा कार्यक्रम विभाग, युवा कार्यक्रम और खेल मंत्रालय, भारत सरकार


જલોત્રા
બસ સ્ટેન્ડ
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના
"Not Me But You"
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
स्वच्छता
ही सेवा 2024
स्वभाव स्वच्छता, संस्कार स्वच्छता
vivo V27
SURESH CHAUDHARY Sep 17, 2024, 12:50

# સાત દિવસીય વાર્ષિક શિબિર અહેવાલ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમની વાર્ષિક (ખાસ) શિબિરનું આયોજન મુ. કૃષ્ણ નગર, તા. લાખણી મુકામે તા. ૨૧ જાન્યુઆરી થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્‌ઘાટન શ્રી હરિભાઈ પટેલના વરદ્દ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી ટી.પી.રાજપૂત, શ્રી નારણભાઈ દેસાઈ, શ્રી લક્ષ્મણભાઈ પટેલ, શ્રી હેમરાજભાઈ કાગ, શ્રી કલ્યાણભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી દાનસિંહ કે. રાજપૂતે રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા અને જાણીતા તબીબ ડૉ. કરશનભાઈ પટેલે સેવા પરમો ધર્મ વિષય ઉપર બીજરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બીજા સેશનમાં લોકસંપર્ક કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેનરો સાથેની રેલી કાઢવામાં આવી હતી.

બીજા દિવસના પ્રથમ સેશનમાં આરોગ્ય ચેક–અપ કેમ્પમાં આગથળા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. હેમલતાબેન પટેલ સહિતના સ્ટાફે સ્વયંસેવકો અને ગ્રામજનોના આરોગ્યની તપાસ કરી હતી. બીજા સેશનમાં નેશનલ યોગા ટ્રેનર ડૉ. રિતેશભાઈ પ્રજાપતિએ ‘વ્યસનમુક્ત સમાજ : વર્તમાન સમયની અનિવાર્યતા’ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

ત્રીજા દિવસના પહેલા સેશનમાં કૃષ્ણનગર વિસ્તારમાં શ્રી કૃષ્ણ ભગવાનના મંદિર પરિસરમાં શેરીઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં શ્રી દશરથભાઈ ઠક્કરે ‘સમરસ સમાજ : વર્તમાન સમયની અનિવાર્યતા’ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

ચોથા દિવસના પહેલા સેશનમાં ડૉ. એસ.બી.ચારણ સાહેબે ‘ભારતીય સંસ્કૃતિ : ચારિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ’ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. બીજા સેસનમાં ડૉ. અવનીબેન આલે ‘મહિલા સશક્તિકરણ : સમાજના ઉત્થાનનું પ્રથમ પગથિયું’ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

પાંચમા દિવસના પ્રથમ સેશનમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં પ્રોફે. ભાવિક ચાવડા સાહેબે 'એન.એસ.એસ. અને યુવાનો વિષય' પર વ્યાખ્યાન આપ્યું હતું.

છઠ્ઠા દિવસના પ્રથમ સેશનમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ આનંદ માણ્યો હતો. બીજા સેશનમાં 'અંધશ્રધ્ધા નિર્મૂલન : વર્તમાન સમયની અનિવાર્યતા' કાર્યક્રમમાં ડૉ. નિતેશભાઈ પટેલે પ્રેક્ટિકલ જ્ઞાન આપીને વિદ્યાર્થીઓને અંધશ્રધ્ધાથી દૂર રહેવાની હાકલ કરી હતી.

સાતમા દિવસના પ્રથમ સેશનમાં સમી કોલેજના આચાર્ય શ્રી ડૉ. પી.જે. પટેલ સાહેબે 'માનવજીવનમાં માનવીય મૂલ્યોનું મહત્વ' વિષય પર અને પદ્મશ્રી ગેનાભાઈ પટેલે 'વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા' વિષય વ્યાખ્યાન આપ્યું હતું.

બીજા સેશનમાં પદ્મશ્રી ગેનાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સમાપન સમારોહ યોજાયો હતો. તે કાર્યક્રમમાં યુવા નેતા અને માર્કેટયાર્ડ થરાદના ચેરમેન શ્રી શૈલેષભાઈ પટેલ સાહેબ, જીલ્લા ખ.વ.સંઘના ચેરમેનશ્રી બાબરાભાઈ ચૌધરી સાહેબ, સમી કોલેજના આચાર્ય શ્રી ડૉ. પી.જે. પટેલ સાહેબ, અગ્રણી ઓખાભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ત્રીજા સેશનમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ ગરબે રમ્યા હતા. આ સાત દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓએ વિકસિત ભારત : જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી તેજાભાઇ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર, પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોફે. થાનાભાઈ પટેલ, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. ભારતીબેન ચૌધરી, પ્રોફે. રેખાબેન ચૌધરી, પ્રોફે. લખનભાઈ દેસાઈ પ્રોફે. કેલમબેન પ્રજાપતિ, શ્રી સુરેશભાઈ ચૌધરી સહિત સ્ટાફગણ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.


શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
:: વાર્ષિક (ખાસ) શિબિર ::
તા.૨૧-૦૧-૨૦૨૫ થી તા.૨૭-૦૧-૨૦૨૫
વિકસિત ભારત : જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિર
"Not me but you"
National Service Scheme
"Not Me But You"




શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી








जन - जन का यही
संदेश
नशा मुक्त हो अपना
देश
GPS Map Camera






vivo T3 Pro 5G
JITBANAA 9094 01/22/2025, 10:29


શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
॥ सत्यमेव जयते ॥
શ્રી ક્રિષ્ના
એજ્યુકેશન કેમ્પસ
લાખણી
vivo V29
pc patel Bhachalva Gujarat 23-Jan-2025, 15:02




વિજળી બચાવો
vivo V29
pc patel Bhachalva Gujarat 24-Jan-2025, 10:49


॥ सत्यमेव जयते ॥




GPS Map Camera
Banaskantha, Gujarat, India
Lakhani - Jasara Rd, Gujarat 385535, India
Lat 24.320754° Long 71.827747°
24/01/25 03:10 PM GMT +05:30
Google




ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
(NSS)


વિજળી બચાવો


vivo T3 Pro 5G
JITBANAA 9094 01/26/2025, 15:26




GPS Map Camera
Lakhani, Gujarat, India
8r9g+w4p, Lakhani, Gujarat 385535, India
Lat 24.320653° Long 71.82742°
26/01/25 04:18 PM GMT +05:30
Google


ટ્રસ્ટ, લાખણી



શ્રી કિષ્ના આર્ટ્સ કોલેજ

રાષ્ટ્રીય સેવા યોજના (NSS)

## અમે શિબિર માણી હોંશે-હોંશે [ગ્રુપ તસવીર]







# લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં લગાવવામાં આવી ફિંગરપ્રિન્ટ સિસ્ટમ



**વિદ્યાર્થીઓ કેમ્પસમાં પ્રવેશતાં અને છૂટતાં ફિંગરપ્રિન્ટ દ્વારા વાલીઓને મેસેજ મોકલાય છે! ઉત્તર ગુજરાતમાં એકમાત્ર લાખણીની ક્રિષ્ના કોલેજમાં ફિંગરપ્રિન્ટ સિસ્ટમ**

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

આજના સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કાયમ એક ચિંતા રહેતી હોય છે, કે બાળક શાળાએ પહોંચી ગયુ હશે કે કેમ? શાળાએથી ક્યારે છુટશે? આવા પ્રશ્નોના સમાધાન માટે બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગેરહાજરનો મેસેજ મોકલવામાં આવે છે. લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આ સિસ્ટમ જૂન ૨૦૨૧થી કાર્યરત છે. કેમ્પસ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમે વાલીઓને ચિંતા મૂક્ત કર્યા છે. હાલમાં દરેક વાલીને બાળક શાળા કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

આ રીતે કામ કરે છે સિસ્ટમ

૧. કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી માટે સોફ્ટવેરની સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

૨. સિસ્ટમમાં એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીઓના ફેશ અને ફિંગર પ્રિન્ટ રેકર્ડ કરવામાં આવેલા છે.

૩. વિદ્યાર્થી કેમ્પસમાં પ્રવેશે ત્યારે સિસ્ટમમાં ફેશ ડિટેક્ટ કરે છે અને ફિંગર આપે છે.

૪. દરેક વિદ્યાર્થીને સિસ્ટમમાં હાજરી પૂર્યા પછી જ ક્લાસરૂમમાં પ્રવેશ આપવામાં આવે છે.

૫. વિદ્યાર્થી શાળા-કોલેજ પૂરી કરીને નીકળે ત્યારે એજ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

૬. આ સિસ્ટમ વિદ્યાર્થીઓનો આવવા - જવાનો રેકર્ડ સંગ્રહિત કરે છે.

૭. સિસ્ટમમાં દરેક વિદ્યાર્થીનાં નામ, રોલ નંબર અને વાલીઓના મોબાઈલ નંબર સ્ટોર કરેલા છે.

૮. વિદ્યાર્થી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બે સેકન્ડમાં જ વાલીને સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

૯. વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં ગેરહાજર રહેતો વાલીઓને મેસેજ મોકલાય છે.

વાલીઓની ચિંતા હળવી કરવા માટે સંસ્થા દ્વારા આધુનિક ટેક્નોલોજીથી સક્ષ્ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થી શાળા કોલેજમાં આવતાં અને જતાં ફેશ ડિટેક્ટ અને ફિંગર આપે છે. જેના કારણે વાલીઓ નિર્ભય રીતે બાળકને ભણવા મુકી રહ્યાં છે.

- પ્રવિણભાઈ વજીર

આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ આ સિસ્ટમનો લાભ કેમ્પસમાં ચાલતી શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કોલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિકના વિદ્યાર્થીઓને મળે છે.



# શિષ્યવૃત્તિ અહેવાલ

પ્રા. પ્રવિણભાઈ બી. વજીર
નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

## નેશનલ સ્કોલરશિપ યોજના – 2024/25

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ (ધોરણ-12 માં 80+ PR ધરાવતા) થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે રૂ. 12,000/- શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 53 અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા 72 અને 2024/25 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 88 વિદ્યાર્થીઓને નેશનલ સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજના - 2024/25

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે (ધોરણ - 12 માં 80+ PR ધરાવતા) ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 04 અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા 01 વિદ્યાર્થીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

## માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજના - 2024/25

શિક્ષણની સાથે સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારની માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં અભ્યાસ કરતા 01 વિદ્યાર્થીને માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

## ડિજિટલ ગુજરાતની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી
નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક સહાયરૂપ માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેનાં ઓનલાઈન ફોર્મ ડિજિટલ ગુજરાતની વેબસાઈટ પર ભરવામાં આવે છે. રાજ્ય સરકારની આ યોજનાનો લાભ આટ્ર્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા 1089 વિદ્યાર્થીઓને મળ્યો છે.

| CAST | OBC / EWS | SC | ST | TOTAL |
|---|---|---|---|---|
| TOTAL STUDENTS | 943 | 120 | 26 | 1089 |

# તેજસ્વી તારલાઓ

## એડમિશન – જૂન ૨૦૨૧ (BATCH - 1)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| **બી.એ.સેમ – ૧ (ફેબ્રુઆરી - ૨૦૨૨)** | | |
| ૧ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૯૫.૩૩ |
| ૨ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૯૩.૮૩ |
| ૩ | ચૌધરી કિંજલબેન ચેલાભાઈ | ૯૨.૧૬ |
| **બી.એ.સેમ – ૨ (મે - ૨૦૨૨)** | | |
| ૧ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૮.૫૦ |
| ૨ | પંચાલ કિંજલબેન ભરતભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૮.૦૦ |
| **બી.એ.સેમ – ૩ (નવેમ્બર - ૨૦૨૨)** | | |
| ૧ | પરમાર ચેતનાબેન નટવરજી | ૮૧.૦૦ |
| ૨ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૯.૮૩ |
| ૩ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૭૭.૩૩ |
| **બી.એ.સેમ – ૪ (માર્ચ - ૨૦૨૩)** | | |
| ૧ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૯.૮૩ |
| ૨ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૭૮.૦૦ |
| **બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર - ૨૦૨૩)** | | |
| ૧ | મકવાણા જયશ્રીબેન નાનજીભાઈ | ૭૯.૮૩ |
| ૨ | પ્રજાપતિ રિંકલબેન મશરૂભાઈ | ૭૯.૧૭ |
| ૩ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૦૦ |
| **બી.એ.સેમ – ૬ (માર્ચ - ૨૦૨૪)** | | |
| ૧ | મકવાણા જયશ્રીબેન નાનજીભાઈ | ૮૦.૧૬ |
| ૨ | ચમાર જીનલબેન ભૂરાભાઈ | ૮૦.૦૦ |
| ૩ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૭૯.૦૦ |

## એડમિશન – જૂન ૨૦૨૨ (BATCH - 2)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| **બી.એ.સેમ – ૧ (નવેમ્બર - ૨૦૨૨)** | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ |
| ૨ | ચૌધરી સુરેશભાઈ ગણેશભાઈ | ૮૦.૩૩ |
| ૩ | ચૌધરી નર્મદાબેન નશાભાઈ | ૮૦.૦૦ |
| **બી.એ.સેમ – ૨ (એપ્રિલ - ૨૦૨૩)** | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૨.૫ |
| ૨ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૦.૦૦ |
| ૩ | ચૌધરી નિકિતાબેન સોનાભાઈ | ૭૯.૮૩ |
| **બી.એ.સેમ – ૩ (ઓક્ટોબર - ૨૦૨૩)** | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ |
| ૨ | ચૌધરી પાયલબેન જગતાભાઈ | ૮૧.૦૦ |
| ૩ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૦૦ |
| ૩ | ચૌધરી હરજીભાઈ ભગવાનભાઈ | ૮૦.૮૩ |
| **બી.એ.સેમ – ૪ (માર્ચ - ૨૦૨૪)** | | |
| ૧ | ચૌધરી નિકિતાબેન સોનાભાઈ | ૮૦.૬૬ |
| ૨ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૭૯.૩૩ |
| ૩ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૭૮.૬૬ |
| **બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર - ૨૦૨૪)** | | |
| ૧ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૧.૬૬ |
| ૨ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૩૩ |
| ૩ | ચૌધરી મિત્તલબેન ચેલાભાઈ | ૮૧.૦૧ |

| એડમિશન – જૂન ૨૦૨૩ (BATCH - 3) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
| બી.એ.સેમ – ૧ (નવેમ્બર - ૨૦૨૩) | | | બી.એ.સેમ – ૨ (એપ્રિલ - ૨૦૨૪) | | |
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૮.૩૬ | ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૭.૮૨ |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | ૮૫.૮૧ | ૨ | ચૌધરી મિત્તલબેન જેવતાભાઈ | ૮૪.૭૩ |
| ૩ | બાજક ઉર્મિલાબેન જેથાભાઈ | ૮૪.૯૧ | ૩ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | ૮૩.૬૪ |
| બી.એ.સેમ – ૩ (ઓક્ટોબર - ૨૦૨૪) | | | | | |
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૫.૬૩ | | | |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | ૮૫.૪૫ | | | |
| ૩ | ચૌધરી સંગીતાબેન કેશરાભાઈ | ૮૪.૩૬ | | | |







# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજને ગૌરવાન્વિત કરનારા છાત્રો... !

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | હાંસલ કરેલ સિદ્ધિ |
|---|---|---|
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | લગ્નગીત સ્પર્ધા<br>જિલ્લા કક્ષાએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | |
| ૩ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | |
| ૪ | પુરોહિત દીપિકાબેન તળશાભાઈ | |
| ૫ | પુરોહિત જિતેન્દ્રસિંહ તળશાભાઈ | NSS એકમના રાષ્ટ્રીય કક્ષાના NIC કેમ્પમાં યુનિ. ના ૨૦ સ્વયંસેવકો સાથે સહભાગી બન્યા. |
| ૬ | ખોલવાડિયા યશપાલભાઈ દિનેશભાઈ | |
| ૭ | દેસાઈ નિધિબેન નારણભાઈ | ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અંડર – 19 માં પસંદગી |
| ૮ | ઠાકોર વિક્રમભાઈ લાખાજી | યુનિ. દ્વારા આયોજિત શિબિરોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. |
| ૯ | ઠાકોર વિક્રમભાઈ લાખાજી | ઝોનલ કક્ષાએ યુથ પાર્લામેન્ટમાં ભાગ લીધો. |
| ૧૦ | બઢિયા દેવિક્ષાબેન કેશરાભાઈ | કબડ્ડી સ્પર્ધા<br>જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબર [રનર્સ અપ ] પ્રાપ્ત કર્યો |
| ૧૧ | ચૌધરી વિમુબેન નાનજીભાઈ | |
| ૧૨ | ચૌધરી ઉર્મિલાબેન રત્નાજી | |
| ૧૩ | ચૌહાણ સોનલબેન મોડજીભાઈ | |
| ૧૪ | પરમાર અંજુબેન લીલાભાઈ | |
| ૧૫ | ચૌધરી અલકાબેન હેમરાજભાઈ | |
| ૧૬ | રાજપૂત જીજ્ઞાબેન ઠાકરજીભાઈ | |
















**શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ,લાખણીનું ગૌરવ**

# ભારતની મહિલા ક્રિકેટ અંડર ૧૯ ટીમમાં નિધિ દેસાઈની પસંદગી




ભીલડી: ભારતની મહિલા ક્રિકેટ અંડર ૧૯માં મોટા કાપરા ગામની નિધિ દેસાઈની પસંદગી થઈ છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાંથી ચાર યુવતીની એલીટ કેમ્પ માટે પસંદગી થઈ છે. બેંગ્લોર ખાતે કેમ્પ યોજાનાર છે. ડીસાના ન્યૂ ટીસીડી ક્રિકેટ મેદાનમાં મોટા કાપરા ગામના નારણ નાગજીભાઈ દેસાઈની દીકરી નિધિ પાછલા દસ વર્ષથી પ્રેક્ટિસ કરે છે.ડીસા સ્પોર્ટ્સ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમીની મહિલા ખેલાડી અને ન્યૂ ટીસીડી ક્રિકેટ મેદાન ઉપર ક્રિકેટ કોચિંગ લઈ રહેલી નિધિ દેસાઈની બીસીસીઆઈ અન્ડર ૧૯ ઇન્ડિયાની મહિલા એલીટ કેમ્પ માટે પસંદગી કરવામાં આવી છે. તેમનો કેમ્પ બેંગ્લોર ખાતે યોજવામાં આવનાર છે. હાલમાં નિધિ ગુજરાત ક્રિકેટ એસોસિએશનની મહિલા અંડર ૧૯ ટીમ તરફથી રમી રહી છે. નિધિ છેલ્લા દસ વર્ષથી ડીસાના ન્યુ ટીસીડી ક્રિકેટ મેદાન ઉપર ડીસા એકેડમીના ચીફ કોચ વિપુલ આલ અને લેવલ-૧ કોચ બીસીસીઆઇ શૈલેષ મકવાણાના કોચિંગ તૈયાર થઈ રહી છે ન્યુ ટીસીડી ક્રિકેટ મેદાન પર દર વર્ષે અંતરિયાળ ગામના ખેલાડીઓને શોધીને રમવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે જે ગુજરાત લેવલે તેમજ વિદેશ રમવા જતા હોય છે. નિધિની બીસીસીઆ અન્ડર ૧૯માં પસંદગીથી બનાસકાંઠા એસોસિએશનના વહીવટદાર ધીરજ જોગાણી, માનદ મંત્રી તરુણ જોશી, ટ્રેઝરર ધર્મેશ વ્યાસ, સેકેટર લલિત પ્રજાપતિએ નિધિ દેસાઈને અભિનંદન પાઠવ્યા છે.

(ફોટો : નરસિંહ લોઢા)

## શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીની વિધાર્થીની નિધિ દેસાઇની ભારતની મહિલા ક્રિકેટ અંડર 19 ટિમમાં પસંદગી થતાં કોલેજ પરિવાર હર્ષની લાગણી અનુભવે છે. સંસ્થા નિધિ દેસાઇને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.






# અમારા બે શબ્દો...

સૌને અમારા પ્રણામ.

આજે અમારે વાત કરવી છે અમારા અનુભવોના ભાથાની. શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યાથી લઈને આજ સુધી અનેક અનુભવોનું ભાથું અમને મળ્યું છે. એ ભાથાના પોટલાંને આપની સમક્ષ ખુલ્લુ મૂકતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ તટે શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરીને અમને અમારી પાંખોનો વ્યાપ વધારવાની ખૂબ મોટી તક મળી છે. અનુભવી પ્રોફેસરોના લેક્ચરોમાંથી અમને બાહ્ય દુનિયાના દર્શન થયાં છે. તેનાથી જ અમારો વિકાસ થઈ શક્યો છે. આજના હરીફાઈના જમાનામાં કોલેજો ઍડમિશન માટે મોટા–મોટા વાયદા અને ઠાલાં વચનો આપતી હોય છે. આ કોલેજમાં અમને એનાથી ઉલટું વાતાવરણ જોવા મળ્યું. એક પણ મોટો વાયદો સાંભળવા નથી મળ્યો કે નથી મળ્યા ઠાલાં વચનો. અહીં તો અમને નક્કર અને શ્રેષ્ઠ કામ જોવા મળ્યું છે. ઍડમિશન લેવા આવ્યા ત્યારે જે વાત કરવામાં આવી હતી; તે વાતની સત્યતાની ખાતરી આજે થાય છે. ઍડમિશન સમયે ટીમ ક્રિષ્ના ઉપર મુકેલો ભરોસો આજે  પણ અકબંધ રહ્યો છે. તેમણે અમારા ભરોસાને તોડવા દીધો નથી.

ગામડાંના માતા–પિતા ઈચ્છતાં હોય છે કે મારી દીકરી ઉચ્ચ અભ્યાસ કરીને સારી નોકરી મેળવે. પણ આજના સમયમાં બહેનોને એકલા ભણવા મોકલે કોણ? કારણ કે આજના સમયમાં બહેનો સુરક્ષિત નથી. પરંતુ આ કોલેજની સ્થાપનાએ ગામડાંમાં વસતા માતા–પિતાની ચિંતાને દૂર કરી છે. કારણ કે,  આ કોલેજમાં પ્રવેશ મેળવવા આવ્યા ત્યારે સાહેબ કહેતા હતા કે બહેનોની સુરક્ષાની માટે અમે કટીબદ્ધ છીએ. તે વાત યાદ કરતાં આજે ખૂબ આનંદ થાય છે કે, આ દુનિયામાં ગરીબ અને મધ્યમ વર્ગની બેન દીકરીઓની ચિંતા કરવાવાળું પણ કોઈક છે. વાલીઓની ચિંતાને દૂર કરવા આ કોલેજે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લઈ બાયોમેટ્રિક સિસ્ટમ ઊભી કરી છે. આ બાયોમેટ્રિક સિસ્ટમ વાલીને આવતાં અને જતાં એમ બે વાર મેસેજ કરીને જાણ કરે છે કે તમારી દીકરી કોલેજમાં પહોંચી ગઈ છે અને હવે કોલેજમાંથી નીકળી છે. ઍડમિશન લેતી વખતે આ સિસ્ટમની વાત સાંભળી હતી ત્યારે આશ્ચર્ય થતું હતું કે આવું કઈ રીતે શક્ય બને. પણ આજે આ સિસ્ટમનું મૂલ્ય સમજાય છે કે અમે આ સિસ્ટમના કારણે સુરક્ષિત બની, નિર્ભિક બનીને અમે અમારો અભ્યાસ કરી શકીએ છીએ. તેનું પરિણામ આજે દેખાય છે કે કોલેજમાં ભાઈઓ કરતાં બહેનોની સંખ્યા વધારે છે.

આજના જમાનામાં કોલેજની વ્યાખ્યા લોકો અલગ–અલગ કરતા હોય છે. એમાં પણ વિદ્યાર્થી અને વાલીના મનમાં તો કોલેજ એટલે મજા કરવાનું કે છુટથી કોઈપણ જાતની રોકટોક વિના હરવા–ફરવાનું સ્થળ. પણ આ કોલેજમાં એ વ્યાખ્યા તદ્દન ખોટી સાબિત થાય છે. કારણ કે આ કોલેજમાં વિદ્યાર્થીઓ શાળાના અભ્યાસ દરમિયાન જેવી રીતે શિસ્તમાં રહેતા હતા એ રીતે રહે છે અને રીતે અભ્યાસ કરે છે. ગુરુજનો અભ્યાસની સાથે–સાથે સંસ્કૃતિ અને સંસ્કારના પાઠ શીખવે છે. તેના કારણે વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે છે. તેની સાબિતી કોલેજના પરિણામ પરથી મળે છે.

આપણે જોતા હોઈએ છીએ કે ઘણી વાર વિદ્યાર્થીઓને સેમેસ્ટર પૂરું થયા આવ્યું હોય પણ અભ્યાસક્રમ શું હોય છે તેની ખબર નથી હોતી કે નથી પુસ્તક કે મટીરીયલની ખબર હોતી. પણ આ કોલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીને કોલેજે એપ્લિકેશનની વિશેષ અને વિશિષ્ટ સુવિધા આપી છે. તે એપ્લિકેશનમાં વિદ્યાર્થીએ કેટલા પેપર ભણવાના અને તેનું મટીરીયલ શું હોય છે તે બધું જ વિદ્યાર્થી ઈચ્છે ત્યારે જોઈ શકે છે, વાંચી શકે છે અને તેનો લાભ લઈને ભણી શકે છે. આ એપ્લિકેશન વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કારણ કે, અભ્યાસક્રમ અને પુસ્તકો સહિતની બધી જ અગત્યની વસ્તુઓ એમાં જોવા મળે છે.

આમ, કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને અનેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. તેના સહારે વિદ્યાર્થી પોતાની નૈયાને પાર ઉતારે છે.

જય હિંદ... જય ભારત...

**ચૌધરી જીજ્ઞાબેન હરિભાઈ**
કેશરસિંહ ગોળિયા



**ઠાકોર વિક્રમભાઈ લાખાજી**
દેતાલ–ડુવા



# અમે કરેલા કાર્યક્રમો...

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|
| ૧ | ૨૧/૦૬/૨૦૨૪ | યોગ દિવસની ઉજવણી |
| ૨ | ૦૩/૦૭/૨૦૨૪ | કાનૂની માર્ગદર્શન પરિસંવાદ |
| ૩ | ૦૯/૦૭/૨૦૨૪ | વૃક્ષારોપણ કાર્યક્રમ<br>સ્થળ – કોલેજ કેમ્પસ |
| ૪ | ૧૭/૦૭/૨૦૨૪ | શ્રમકાર્ય<br>સ્થળ – શ્રીફળ મંદિર, ગેળા |
| ૫ | ૨૨/૦૭/૨૦૨૪ | ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી |
| ૬ | ૨૭/૦૭/૨૦૨૪ | વૃક્ષારોપણ કાર્યક્રમ<br>સ્થળ – સ્મશાનભૂમિ, લાખણી |
| ૭ | ૩૧/૦૭/૨૦૨૪ | ત્રિ–દિવસીય કોલેજ રમતોત્સવ |
| ૮ | ૦૫/૦૮/૨૦૨૪ | યુવા મહોત્સવ |
| ૯ | ૧૨/૦૮/૨૦૨૪ | એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ |
| ૧૦ | ૧૪/૦૮/૨૦૨૪ | અખંડ ભારત સંકલ્પ દિવસની ઉજવણી |
| ૧૧ | ૧૫/૦૮/૨૦૨૪ | સ્વાતંત્ર્ય દિનની ઉજવણી |
| ૧૨ | ૦૬/૦૯/૨૦૨૪ | શિક્ષકદિનની ઉજવણી |
| ૧૩ | ૧૦/૦૯/૨૦૨૪<br>થી<br>૧૯/૦૯/૨૦૨૪ | સપ્તધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ<br>સર્જનાત્મક પ્રવૃત્તિઓ, માટીકામ, મહેંદી સ્પર્ધા, કેશગૂંફન સ્પર્ધા, સલાડ ડેકોરેશન, વાનગી સ્પર્ધા, ઇકો ફ્રેન્ડલી રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, એકપાત્રીય અભિનય સ્પર્ધા, ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા, વર્ગ સુશોભન સ્પર્ધા, માઇમ, મિમિક્રી અને નાટ્ય સ્પર્ધા, નૃત્ય [ડાન્સ] સ્પર્ધા |
| ૧૪ | ૧૪/૦૯/૨૦૨૪ | હિન્દી દિવસની ઉજવણી |
| ૧૫ | ૧૭/૦૯/૨૦૨૪ | સ્વચ્છતા અભિયાન – ભાદરવી પૂનમ મેળો<br>સ્થળ – જલોત્રા થી ઢેલાણા, અંબાજી હાઈ–વે |
| ૧૬ | ૧૯/૦૯/૨૦૨૪ | સ્વચ્છતા અભિયાન<br>સ્થળ – કોલેજ કેમ્પસ |

| | | |
|---|---|---|
| ૧૭ | ૨૪/૦૯/૨૦૨૪ | એન.એસ.એસ. દિવસની ઉજવણી – સ્વચ્છતા અભિયાન<br>સ્થળ – શ્રી હિંગળાજ માતાજી મંદિર, લાખણી |
| ૧૮ | ૩૦/૦૯/૨૦૨૪ | સ્વચ્છતાનું મહત્વ – નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા અને સંકલ્પગ્રહણ કાર્યક્રમ |
| ૧૯ | ૦૧/૧૦/૨૦૨૪ | સ્વૈચ્છિક રક્તદાન દિવસની ઉજવણી<br>– નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને સંકલ્પગ્રહણ |
| ૨૦ | ૦૧/૧૦/૨૦૨૪ | ગાંધી જયંતીની ઉજવણી –<br>સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા જનજાગૃતિ રેલી |
| ૨૧ | ૦૯/૧૦/૨૦૨૪ | નવરાત્રી મહોત્સવ |
| ૨૨ | ૧૧/૧૦/૨૦૨૪ | વિકાસ સપ્તાહ કાર્યક્રમ – નિબંધ સ્પર્ધા અને ભારત વિકાસ પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમ |
| ૨૩ | ૧૧/૧૦/૨૦૨૪ | વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા અભિયાન<br>સ્થળ – શ્રી બ્રહ્માણી માતાજી મંદિર, લાખણી |
| ૨૪ | ૧૭/૧૦/૨૦૨૪ | ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમ |
| ૨૫ | ૨૧/૧૦/૨૦૨૪ | નશામુક્તિ જન–જાગૃતિ રેલી |
| ૨૬ | ૦૨/૧૨/૨૦૨૪ | એઈડ્સ દિવસની ઉજવણી |
| ૨૭ | ૦૮/૦૩/૨૦૨૫ | મહિલા દિવસની ઉજવણી<br>સ્થળ – ઈન્ડો–પાક બોર્ડર – નડાબેટ, તા. સુઈગામ |
| ૨૮ | ૧૧/૦૩/૨૦૨૫ | ગુજરાત સાંસ્કૃતિક વક્તવ્ય સ્પર્ધા |
| ૨૯ | ૧૧/૦૩/૨૦૨૫ | રંગ પર્વની ઉજવણી |
| ૩૦ | ૦૪/૦૪/૨૦૨૫ | દિક્ષાંત સમારોહ કાર્યક્રમ |

# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી

**મુખ્ય વિષયો**

અંગ્રેજી | ભૂગોળ | ઈતિહાસ
સમાજશાસ્ત્ર | અર્થશાસ્ત્ર | મનોવિજ્ઞાન
રાજ્યશાસ્ત્ર | ગુજરાતી | સંસ્કૃત

## યોગ દિવસની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં સ્વયં અને સમાજ માટે યોગની થીમ અંતર્ગત વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ યોગાસનો અને સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અને ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી બાબરાભાઈ ચૌધરી સહિત આગેવાનો, સ્ટાફગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## કાનૂની માર્ગદર્શન પરિસંવાદ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીના એન. એસ. એસ. એકમ અને આગથળા પોલીસ સ્ટેશનના સંયુકત ઉપક્રમે કાનૂની માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કાર્યક્રમ કરવામાં આવ્યું. જેમાં એ.એસ. આઇ. જેરૂપભાઈ અને પ્રોફે. થાનાભાઈ પટેલે વિદ્યાર્થીઓને કાનૂની માર્ગદર્શન આપ્યુ હતું.



## વૃક્ષારોપણ કાર્યક્રમ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ. એકમના વિદ્યાર્થીઓએ ૮૦ જેટલાં વૃક્ષો વાવીને દત્તક લીધાં હતાં. 'એક પેડ માં કે નામ' થીમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.




## શ્રમકાર્ય – શ્રીફળ મંદિર, ગેળા

લાખણી તાલુકાના ગેળા ગામના હનુમાનજીના મંદિરે દિન–પ્રતિદિન શ્રીફળોની સંખ્યામાં ખૂબ મોટો વધારો થઈ રહ્યો છે. તેથી તેને વ્યવસ્થિત ગોઠવવાં જરુરી છે. તેથી અવાર–નવાર સેવાભાવી યુવાનો નીચે પડેલ શ્રીફળોને ઉપર ચડાવવાનું અને વ્યવસ્થિત ગોઠવવાનું કાર્ય કરતા હોય છે. તેના ઉપલક્ષમાં લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓએ નીચે પડેલ શ્રીફળો ઉપર ચડાવવાનું અને વ્યવસ્થિત ગોઠવવાનું કાર્ય કર્યું હતું. તાજેતરમાં પડેલા ધોધમાર વરસાદને લીધે પહાડ પરથી ઘણાં બધાં શ્રીફળ નીચે આવી ગયાં હતાં. તેથી તેને ફરીથી ઉપર ચડાવવાનું અને વ્યવસ્થિત ગોઠવવાનું કાર્ય કોલેજના વિદ્યાર્થીઓએ અને સેવાભાવી યુવાનોએ સાથે મળી કર્યું હતું. આ કાર્યમાં સરપંચ શ્રી હરજીભાઈ રાજપૂત, યુવા આગેવાન શ્રી ભાવેશભાઈ બી. ચૌધરી, કોલેજના મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, સુરેશભાઈ ચૌધરી સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓના કાર્યને ગ્રામજનો અને ભક્તગણે બિરદાવ્યું



## ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ.એકમના સૌજન્યથી ગુરુપૂર્ણિમા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગુરુનું મહત્વ દર્શાવતાં ભજનો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં.




## સ્મશાનભૂમિમાં વૃક્ષારોપણ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા બજાર વચ્ચે આવેલ સ્મશાનભૂમિમાં સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ના સ્વયંસેવક ભાઈઓ અને આગેવાનોએ સાથે મળીને 80 જેટલાં વૃક્ષો વાવીને તેમાં પાણીની વ્યવસ્થા માટે ટપકની લાઈન ગોઠવી હતી. આ કાર્યક્રમમાં વનાભાઇ પ્રજાપતિ (નીલકમલવાળા), ચેલાભાઈ પટેલ (ધનલક્ષ્મી વાળા) એન.ડી. પટેલ, ભાનાભાઇ પટેલ, નરેશભાઈ પટેલ, હસમુખભાઇ, સુરેશભાઇ ફોફ, સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઇ ચૌધરી, મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રકાશભાઈ સુથાર સહિત એન.એસ.એસ.ના સ્વયંસેવકો જોડાયા હતા.





## ત્રિ–દિવસીય રમતોત્સવ

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ખેલકૂદ ધારા અંતર્ગત ત્રિ–દિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કબડ્ડી, લાંબી કૂદ, ઊંચી કૂદ, દોડ, ખો ખો, વોલીબોલ અને રસ્સા ખેંચ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતુ.






## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન કરીને ડાન્સ, ગરબો, નાટક, વકતવ્ય અને દેશભક્તિગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ધ્વજવંદન શ્રી વિરભાણભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ સિવાય, કેમ્પસમાં ગ્રંથાલય, સ્માર્ટ ક્લાસરૂમ  અને નિઃશુલ્ક કોચિંગ ક્લાસનું સન્માનનીય બાબરાભાઈ ચૌધરી સાહેબ અને માનવંતા મહેમાનશ્રીઓના વરદહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.
















## શિક્ષક દિનની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજમાં આચાર્યની ભૂમિકા જીતેન્દ્રસિંહ રાજપુરોહિત અને ઉપાચાર્યની ભૂમિકા આરતીબેન વજીરએ સુપેરે નિભાવી હતી. છેલ્લે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. કાર્યક્રમમાં સ્ટાફગણ સહિત અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## હિન્દી દિવસની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વક્તાશ્રી ડૉ. પી.જે. પટેલ [અધ્યક્ષ હિન્દી વિભાગ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સમી] એ હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું.




## "સ્વચ્છતા હી સેવા"(SHS) અંતર્ગત સ્વચ્છતા અભિયાન

સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સત્તરમી સપ્ટેમ્બર થી બીજી ઓક્ટોબર સુધી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા કેમ્પસમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.





## એન.એસ.એસ. દિવસની ઉજવણી અને સ્વચ્છતા અભિયાન

સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સત્તરમી સપ્ટેમ્બર થી બીજી ઓક્ટોબર સુધી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. તેના અનુસંધાને અને એન.એસ.એસ. ના સ્થાપના દિન નિમિત્તે શ્રી હિંગળાજ માતાજી મંદિર પરિસરમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી





NSS સ્થાપના દિન નિમિત્તે સ્વચ્છતા અભિયાન

તારીખ : ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪

### શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી





NSS વિભાગ



સ્થળ : શ્રી હિંગળાજ માતાજી મંદિર,લાખણી

## સ્વચ્છતા અંગે નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને સંકલ્પ ગ્રહણ કાર્યક્રમ

સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સત્તરમી સપ્ટેમ્બર થી બીજી ઓક્ટોબર સુધી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. તેના અનુસંધાને શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા હિ સેવા પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા થીમ પર સ્વચ્છતા અંગે નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને સંકલ્પ ગ્રહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ લેખનમાં અને ચિત્ર સ્પર્ધામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગેના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.





## નવરાત્રી પર્વની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ગીત, સંગીત અને નૃત્યધારા અંતર્ગત આદ્યશક્તિ મા જગદંબાના નવલા નોરતાં નિમિત્તે એક દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા ઉત્સવનો પ્રારંભ મા અંબાની આરતી કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાદેશિક વેશભૂષાઓમાં સજ્જ થઈને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ મન મૂકીને ડી.જે.ના તાલે ગરબે રમ્યા હતા.




## વિકાસ સપ્તાહ કાર્યક્રમ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત "ભારત વિકાસ પ્રતિજ્ઞા" અને સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.







## નશામુક્તિ જનજાગૃતિ રેલી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા નશામુક્તિ અભિયાન અંતર્ગત જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.







## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી – ઈન્ડો–પાક બોર્ડર, નડાબેટ

સરહદી નડાબેટ ઈન્ડો–પાક બોર્ડર પર એન.એસ.એસ. એકમ શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીના સંયુક્ત ઉપક્રમે આઠમી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજની ચાલીસ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ત્યાં વિદ્યાર્થીનીઓએ વક્તવ્ય, ડાન્સ અને દેશભક્તિગીતોની પ્રસ્તુતિ કરીને મહિલા દિવસની સાર્થક રીતે ઉજવણી કરી હતી.



## ગુજરાત સાંસ્કૃતિક વક્તવ્ય સ્પર્ધા

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણીમાં સેવ કલ્ચર સેવ ઇન્ડિયા ફાઉન્ડેશન પ્રેરિત ગુજરાત સાંસ્કૃતિક વક્તવ્ય સ્પર્ધાનું એન.એસ.એસ. એકમના ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ઉર્તીણ થનાર ઠાકોર વિક્રમભાઈએ હેમ. ઉત્તર ગુજરાત યુનિ. માં ભાગ લીધો હતો.





## રંગ પર્વની ઉજવણી કરવામાં આવી

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીના વિદ્યાર્થીઓએ રંગ પર્વ નિમિત્તે રંગોના રંગે રંગાઈને ભારતીય સંસ્કૃતિની પરંપરાના દર્શન કરાવ્યાં હતાં. એક બીજા પર રંગો ઉડાડી આનંદમય વાતાવરણ ખડું કર્યું હતું. કેટલાય દિવસોથી રંગ પર્વની કાગડોળે રાહ જોઈને બેઠેલા વિદ્યાર્થીઓએ રાજી–ખુશી રંગ પર્વ મનાવ્યું હતું.



## દિક્ષાંત સમારોહ

શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં બી.એ. ની દ્વિતીય બેચના વિદ્યાર્થીઓનો દિક્ષાંત અને શુભેચ્છા સમારોહ પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણોને વાગોળ્યાં હતાં અને સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી બાબરાભાઈ ચૌધરી, સદ્દભાવના ગૃપના ચેરમેન હરેશભાઈ ચૌધરી, યુનિવર્સિટીના ઈ.સી. મેમ્બર ડો. વાલજીભાઈ પરમાર, શ્રી ટી.પી. રાજપૂત સહિત વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ, સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી તેજાભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી દલાભાઈ પટેલ, મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય ડો. પ્રવીણભાઈ વજીર, સંયોજકશ્રી પ્રકાશભાઈ સુથાર, શાળાના આચાર્યશ્રી થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.














॥ सत्यमेव जयते ॥

॥ सत्यमेव जयते ॥